## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*મોબાઈલ ગુફતેગુ એમને સ્વીકૃત લાગે છે,*
*મીંચે આંખ જમાનાથી એમને ઝંકૃત લાગે છે.*
*સુસંસ્કૃત લાગે છે એમને પ્રેમનું પ્રદર્શન -*
*વિકૃત છતાંય એમને સર્વસ્વીકૃત લાગે છે*
*(મોબાઈલ - સામાજિક દુષણ છે??)*

### હાઈકુ

*ગળી જાય છે,*
*મોબાઈલ મગર -*
*મીંઘો સમય...*

*ફરે છે ચક,*
*લાઈક-કોમેન્ટના -*
*કાપે જિંદગી*

### ચિંતન

*અસંશય વિનાશત્ સંશયવિનાસઃ શ્રેયાન્ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અસંશયવિનાશથી સંશય - વિનાશ શ્રેષ્ઠ છે.

મૃત્યુ એ એક ચરમ અને પરમ સત્ય છે, અને એ કોઈને પણ છોડતું નથી, આથી એનો વીરતાપૂર્વક સામનો કરવો જોઈએ. યુદ્ધ મેદાનમાંથી પીઠ કરીને નાસી છૂટવું એ એક કાયરતા છે. જે મૃત્યુ કરતાંયે બદત્તર છે. યુદ્ધ મેદાનમાંથી કાયરતા પૂર્વક ભાગી છૂટવા (અશંશયવિનાશ) કરતાં યુદ્ધ મેદાનમાં વીરતાપૂર્વક લડી સામી છાતીએ મોતને ભેટવું (સંશય વિનાશ) શ્રેષ્ઠત્તર છે.

આપણને રોગ થાય, નિષ્ફળતા કે હતાશા મળે ત્યારે આત્મહત્યાના વિચારો આવે છે આ યુદ્ધ મેદાન છોડી જવાની કાયરતા જ છે. સમય અને સંજોગનો સામનો કરવો જોઈએ.

### સુવિચાર

- આવશ્યકતા નિર્બળને સાહસિક બનાવે છે- **સ્ટીફન કોવી**
- સુખદુઃખ સરખાં માની લેવાની ટેવ પાડવી અને અસ્વાદ વ્રતનું સ્મરણ કરવું એટલે જીભ માની જાય અને શરીર સમજી જાય - **સરદાર પટેલ**
- નિર્બળ દેખાતા માણસનો આત્મા બળવાન હશે તો તો તેનો અવાજ પણ, દુનિયાને છેડે પહોંચવાનો છે - **અખંડ આનંદ**
- જે માણસ સિપાઈગીરી જાણતો નથી તે સેનાપતિ થઈ શકતો નથી - **બર્મીઝ કહેવત**
- વિકાસ કરવા માટે મગજ અને હાથપગ વચ્ચે અંતર ન હોવું જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- પાણીમાં તરનારા ડૂબે છે અને કિનારે ઊભેલા ડૂબતાં નથી એ બિલકુલ સાચું, પણ કિનારે ઊભેલા તરતા પણ નથી શીખી શકતા - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : સાંધાના દર્દમાં મેથીના દાણા વાટી તેમાં તુલસીના પાનનો રસ ભેળવી લેપ બનાવી દુઃખાવાના ભાગ પર લગાવવાથી તરત રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

લાહોરની એક સરકારી કચેરીના મુખ્ય ઈજનેરની ભવ્ય કચેરી જોઈ એક સોળ વરસનો કિશોર દિગ્મુઢ થઈ ગયો. ભાન ભૂલીને તે મુખ્ય ઈજનેરની ખુરશી પર બેસી ગયો. એવામાં મુખ્ય ઈજનેર આવી ચડ્યો. જે અંગ્રેજ હતો. તેણે કિશોર ને ખખડાવી હડદૂત કરી નાખ્યો. કિશોર સ્વમાની હતો. મનમાં સમસમી ગયો પણ ચૂપ રહ્યો.આ પ્રસંગ પછી બરાબર તેર વરસે પેલાં અંગ્રેજ ઈજનેરને સરકારી હુકમ મળ્યો. 'તમને હવે રૂખસદ આપવામાં આવે છે અને તમારી જગ્યાએ લાલા ગંગારામની ભારતીય ઈજનેરની નિમણૂક કરવામાં આવે છે.' લાલા ગંગારામને પેલા અંગ્રેજની ખુરશીમાં રોફભેર બેસીને કહ્યું, 'ઓળખો છો મને?' અંગ્રેજે ડોકું ધુણાવીને ના કરી. યુવાન ગંગારામે કહ્યું, 'આજથી તેર વર્ષ પહેલાં તમે જે યુવાનને અપમાનીત કરી ઉઠાવી મૂક્યો હતો. તે જ હું લાલા ગંગારામ છું અને એ જ દિવસે મેં પ્રતિજ્ઞા કરી હતી કે તમને ઉઠાડીને આ ખુરશીમાં એક દિવસ અધિકાર સમેત બેસું ત્યારે જ હું ખરો.'

આ ઈજનેર લાલા ગંગારામ ભારતના આગ્રણી ઈજનેર બન્યા અને એમની સેવાઓ બદલ અંગ્રેજ શાસન તરફથી એમને 'સર' નો ખિતાબ આપ્યો.

# સત્તાખોરીના રાજકારણનું વરવું પ્રદર્શન

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત ફરી એક વાર નામોશીભર્યા ધારાસભ્યોના હોર્સ ટ્રેડિંગની પરિસ્થિતિમાં સપડાયું છે. બહુચર્ચિત ખજૂરાહો કાંડનું જ જરા જુદી રીતે પુનરાવર્તન થઈ રહ્યું છે. એ વખતના સૂત્રધાર શંકરસિંહ વાઘેલા આ વખતે નારાજ નેતાઓ પાઠ ભજવી રહ્યા છે પરંતુ જે કંઈ થઈ રહ્યું છે તે એમની સહાનુભૂતિમાં અને એમની મરજીથી થઈ રહ્યું છે. કોંગ્રેસની માઠી દશા બેઠી છે તો ભારતીય જનતા પાર્ટીની છબી પર ખરડાઈ રહી છે. જનમાનસમાં એની 'પાર્ટી વિથ ડિફરંસ' વાળી જૂની પુરાણી પ્રતિષ્ઠાનું તો ઘણા વખત પહેલાં ધોવાણ ચાલુ થઈ ગયું હતું પણ આ અભિનવ પરાક્રમ પચી તો એની આદર્શો અને સિદ્ધાંતોની ગુલબાંગોનો કરુણ રકાસ જ થયો છે. જો કે આખી પરિસ્થિતિના મૂળમાં કોંગ્રેસ હાઈકમાન્ડની નઘરોળ નાદારી અને અણઆવડતની જ પ્રતીતિ થઈ રહી છે. શંકરસિંહ વાઘેલા જેવા સિનિયર નેતાને પાર્ટીએ જયારે પોતાની પાંખમાં લીધા હતા ત્યારે એમણે આવો જ બળવો પોતાના માતૃપક્ષ વિરુદ્ધ કર્યો હતો. પરંતુ તે વખતે એમને માનભર પાર્ટીમાં સામેલ કરનારા હાઈ કમાન્ડ સાથે ઘરોબો ધરાવતા મૂળે ગુજરાતના કોંગ્રેસી નેતાને કદાચ એટલો ખ્યાલ ન રહ્યો કે પોતે વાવેલી અને સીંચેલી વેલને ઉખાડી શકનાર ક્ષત્રિય નેતાનું સ્વમાન નહીં સચવાય તો કયારેક તેઓ જેની સાથે મજબૂરીવશ જોડાઈ રહ્યા હતા એ કોંગ્રેસ પાર્ટી સાથે પણ એટલી જ કડકાઈ પૂર્વક છેડો ફાડી શકે છે. શંકરસિંહ વાઘેલાને હરહંમેશ શંકાની નજરે જોયા કરવાનું અને દરેક મુદ્દે એમની ઉપેક્ષા કરવાનું કોંગ્રેસને ભારે પડી શકે, એટલી સાદી સમજણ પણ કોંગ્રેસના હાઈકમાન્ડના કર્ણધારો ન કેળવી શક્યા હોય તો એમને ફક્ત ભગવાન અથવા નરેન્દ્ર મોદી જ બચાવી શકે! અહમદ પટેલને પાંચમી વાર ગુજરાતમાંથી રાજયસભાની ચૂંટણી લડવી પડે એ પણ કેવી વિડંબના છે! દેખીતું છે કે પોતે લોકસભા લડીને સંસદમાં પ્રવેશવાની ક્ષમતા ગુમાવી ચૂક્યા છે, છતાં હાઈકમાન્ડના પણ સલાહકાર બની પોતાની બેઠક સલામત રાખી શકતા હતા. પરંતુ આ પ્રકારની રાજકીય જોહુકમી ખુદ કોંગ્રેસી કાર્યકરોને કઠતી હતી અને શંકરસિંહ વાઘેલા જેવા શક્તિશાળી લોકનેતાની અવગણના પછી એ ભારેલો અગ્નિ ભભૂકી ઊઠ્યો છે. પરિસ્થિતિનો ગેરલાભ લેવા ટાંપીને બેઠેલી ભાજપની નેતાગીરીએ તમામ નૈતિક મૂલ્યો નેવે મૂલ્યો અંસતુષ્ટ કોંગ્રેસી ધારાસભ્યોને પોતાનો કેસરી ખેસ પહેરાવવાની તૈયારી બતાવી છે એટલું જ નહીં, રાજયસભાની ચૂંટણીમાં ક્રોસવોટિંગ કરવાની કશું જ નુકશાન નહીં જાય એની પણ ખાતરી આપી દીધી છે! જો કે અમિત શાહ ધાર્યા નિશાન પાડવામાં માહેર છે, એટલે કેટલાકને રાજીનામા અપાવી શક્યા છે તો વળી બાકીના કેટલાક ચૂંટણીના દિવસે ક્રોસવોટિંગ કરશે, એવી કોઈ વ્યૂહરચના લાગે છે. બળવંતસિંહ રાજપૂત કોંગ્રેસ અને ધારાસભામાંથી રાજીનામું આપી ભાજપના ત્રીજા ઉમેદવાર બન્યા છે, જેમના માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ છે બળવંતસિંહના બાપુ સાથેના અંગત સંબંધો જોતાં પડદા પાછળ બાપુ જ ઉમેદવારી કરી રહ્યા છે એવો માહોલ સરજાયો છે. વળી અહમદ પટેલ માટે અને ખુદ સોનિયા - રાહુલ માટે પણ આ ચૂંટણી નાકમનો સવાલ બની રહી છે. ઢોળાઈ ગયેલ દૂધ પર આંસુ સારવા કરતાં જે બચ્યું છે એને સાચવી લઈ હેમખેમ પાર ઊતરવાનું સ્ટ્રેટેજી સબબ અદલ ખજૂરાહો સ્ટાઈલમાં કોંગ્રેસના ૪૪ ધારાસભ્યોને બેંગ્લુરુ પહોંચાડી દેવાયા છે. જો કે કર્ણાટકની કોંગ્રેસી રાજયસરકારના મહેમાનોને મોદી-શાહના માધ્યમો યેનકેન પ્રકારે પટાવી શકે એમ છે, એટલું તો અહમદ પટેલ પણ સમજતા જ હશે. રાજકારણની આ ભૂંડી વાસ્તવિકતા જોઈ ગાંધીના ગુજરાતમાં વસતા સુજ્ઞ મતદાતાઓની આંતરડી કેટલી કકળતી હશે, એનો અંદાજ ભાજપ કે કોંગ્રેસના સત્તાખોર આગેવાનોને શાનો આવે! યોગાનુયોગ આજે વરિષ્ઠ કોંગ્રેસી નેતા માધવસિંહ સોલંકીને એકાણુંમું વર્ષ બેસી રહ્યું છે એન એમની નજર સામે જ કોંગ્રેસનું વસ્ત્રાહરણ થઈ રહ્યું છે એ પણ કેવી કરુણાન્તિકા છે!

# પૂર – વન્યજીવો પર અસર

**વનસૃષ્ટિનો પરિચય**
**હેમંત સુથાર**

પુર એક કુદરતી આપત્તિ છે જેમાં માનવો તેના પાલતું પ્રાણીઓની જાન તથા માલહાનિ થતી હોય છે. આવા સમયે માનવ અને પાલતું ઢોરોના બચાવ અને નુકશાન બાબતે વિચારણા અને ગણતતી મુકાતી હોય છે. વન્યજીવો અને ગણતરી મુકાતી હોય છે. વન્યજીવો કે પાલતું સિવાયના પ્રાણીઓ પણ આવા સમયે મોટા પ્રમાણમાં ભોગ બનતાં હોય છે જે સામાન્યપણે ધ્યાને લેવાતું નથી.

આવા જીવોને આ આપત્તિ સમયે બે રીતે વિભાજીત કરી શકાય જેમાં એક તો એવા પ્રાણીઓ કે જેઓ જીવ બચાવીને એક સ્થળેથી બીજા સ્થળે ભાગી શકવા માટે સક્ષમ હોય છે તેમાં મુખ્યત્વે ચૌપગા સસ્તન પ્રાણીઓને મુકી શકીએ જેમાં નીલગાય, સાબર, કાળિયાર, ચિત્તલ, સિંહ, દિપડા જેવા પ્રાણીઓનો સમાવેશ થાય છે. આવા પ્રાણીઓને પાણીના પુર આવ્યાનો અણસાર થઈ જાય તો તે ઊંચાઈ વાળા ભાગે જઈને સુરક્ષિત આશ્રય મેળવી લે છે.

પરંતુ આવા પ્રાણીઓમાં એક સમયે વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાનમાં મોટી સંખ્યામાં કાળિયારો જીવ બચાવી ન શકવાને કારણે તણાઈને/ડુબીને મરી ગયા હોવાનું નોંધાયું છે.

બ્રહ્મપુત્રા નદીના વહેણ ભાગમાં સુપ્રસિદ્ધ કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં ગત વર્ષે આવેલા પુર દરમિયાન ૧૦ જેટલા એક સીંગી ગેંડા અને ૧ ૩૦થી વધુ હરણ મૃત્યુ પામ્યા હતા, આ વર્ષે પણ ૩ ગેંડા અને ૫૮ જેટલા અન્ય વન્ય જીવો મૃત્યુ પામ્યાનું નોંધાયું છે. આ તો મોટા પ્રાણીઓની વાત છે જે ધ્યાનમાં આતી જાય છે. પરંતુ જમીન પર સરકતાં કે જમીનમાં ભખોલું દર કે ભોંણ કરીને રહેતાં શાહુડી, શેળા, સસલાં, નોળિયા, કીડીખાઉં, શિયાળ, લોંકડી, કાચીંડા, ખો, સાપ, ઉંદર જેવા વિવિધ જાતિના જીવો મોટું પૂર આવે અને તેવા વિસ્તારોમાં પાણી ફેલાઈ જાય અને તેવા વિસ્તારો પાણીમાં ડુબી જાય ત્યારે આવા જીવોને મોટા પ્રમાણમાં હાનિ પહોંચે છે. આવા જીવો ઝડપથી ભાગીને એક સ્થળેથી બીજા સ્થળે જઈ શકતાં ન હોઈ મોટી સંખ્યામાં મારી જાય છે તેવી નોંધ કદી લેવાતી નથી.

કુદરતની મહત્ત્વપૂર્ણ પોષણકડી કે આહાર જાળ જે તે વિસ્તારમાં નેસ્તનાબૂદ થઈ જાય છે. પાણીમાં તણાઈ જતાં જીવો લાંબા અંતરે વહીને જતાં રહે છે અને કયાંક બચાવની તક મળે તો નવા વિસ્તારોમાં જઈ પહોંચે છે જે તેમને અનુકૂળ ન હોય તો ખોરાક અને યોગ્ય નિવસન તંત્રને અભાવે મૃત્યુ પામે છે.

આવા ભાગોમાં કીડી, ઝંકોડા, ઉંધઈ જેવા જમીનમાં દર કે આશરો મેળવીને રહેતાં કીટકો પણ મરી જાય છે તેનો આંકડો તો અકલ્પનીય હોય છે. ટીંટોડી જેવા જમીન પર ઈંડા મૂકતાં પક્ષીઓના માળા, ઈંડા કે ન ઊંડી શકતા બચ્ચાં પણ તણાઈ જાય છે. સ્થિર પાણીમાંથી માછલી પકડીને ખાતા બગલાં, કલકલીયા જેવા કેટલાંક પક્ષીઓ પૂરના ઝડપથી વહેંતાં ડહોળાં પાણીમાંથી ખોરાક મેળવી શકતાં નથી.

આમ, પુરને કારણે જે તે વિસ્તારના વિવિધ જલ તથા સ્થળ નિવસન તંત્રોને મોટું નુકશાન થાય છે જે પુનઃ પ્રસ્થાપિત થતાં વર્ષો લાગે છે. જે પુનઃપ્રસ્થાપિત થતાં વર્ષો લાગે છે. આ માટે ગ્લોબલ વોર્મિંગ કે કલાઈમેન્ટ ચેન્જ જેવા મોટા કારણો જે માનવ સર્જિત કહી શકાય તે જવાબદાર હોય છે. જે અન્યજીવો માટે પણ હાનિકારક બની જાય છે.

# સેવા, સેલ્ફી, સરકાર અને સોશિયલ મીડિયા : એક સેવાભાવી સત્ય

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

છેલ્લા એક સપ્તાહથી ગુજરાત ઉપર બારે મેઘ ખાંગા થયા છે. આખી ધરતી પાણી પાણી થઈ ગઈ છે. જે ઘરમાં પાણીનું એક ટીપું ય નસીબ નહોતું થતું ત્યા આજે ગાંગા – જમના વહે છે. આવી સ્થિતિમાં ઘરબાર વિનાના, નીચાણવાળી જગ્યાના રહીશો ભારે મુશ્કેલીમાં મુકાય છે. રોજે રોજનું માગીને કે કમાઈને ખાનાર પરિવારોને અત્યારે ખુબ જ હાલાકી ભોગવવી પડે છે. આવી સ્થિતિમાં આખું ગુજરાત મદદની વહારે ધાયું છે વર્ષ ૨૦૦૧ માં કચ્છમાં થયેલા ભૂકંપે આપણને માનવતાના પાઠ શીખવી દીધા હતા. પરંતુ ૧૬ વર્ષના લાંબા ગાળાએ એ પાઠ આપણે કદાચ ભૂલી ગયા હતા તેથી પ્રકૃતિએ આ જળપ્રલય દ્વારા ફરી આપણા સૌની માનવતા જગાવી છે. અખબારો અને ટી.વી.માં જોઈએ છીએ કે ઠેર ઠેર પાણીમાં ફસાયેલા લોકોને ચારે તરફથી મદદ મળી રહી છે. ડૂબતા લોકોને બચાવાઈ રહ્યા છે. અને ક્યાંક મદદ નહી પહોંચતા અનેક લોકો મૃત્યુને પણ ભેટ્યા છે.

આખું સરકારી તંત્ર હાલ આ જળપ્રલયની કામગીરીમાં લાગી ગયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીથી લઈને તલાટી સુધીના નાના મોટા સૌ પદાધિકારીઓ, મંત્રીશ્રીઓ, નેતાઓ, કાર્યકર્તાઓ સૌ કોઈ જળગ્રસ્ત જનતાને મદદ કરી રહ્યા છે. જે ગુજરાત માટે ગૌરવ અને સંસ્કારની વાત છે.

પણ હવે મારે જે વાત કરવી છે તે જરા જુદા દૃષ્ટિકોણથી કરવી છે. ન ગમે તેવી છે પણ વિચારવા જેવી છે. '' સેવા અને મદદ '' આ બે શબ્દોના કદી પ્રમાણપત્રો નથી હોતા. એની કોઈ અલગ ઓળખ નથી હોતી. મદદ કરનાર કે મદદ લેનાર વચ્ચે કોઈ સોગંદનામુ કે કરાર કે એમ.ઓ.યુ. નથી કરવામાં આવતું. બસ આ સેવા કે મદદ માનવતાને કારણે આપોઆપ થઈ જતી – હૃદયમાં ઉદભવતી શુદ્ધ ભાવના છે. જેના દ્વારા આપણે જાણી શકીએ છીએ કે આપણે જીવિત છીએ. આપણી અંદર હૃદય નામનું કોઈ સંવેદનશીલ યંત્ર કાર્યાન્વિત છે. પરંતુ આ શુદ્ધભાવના જ્યારે ક્રિયાન્વત થાય છે ત્યારે તેમાં આપણી બુદ્ધિ, લાલશા અને મોહ ભળે છે.

છેલ્લા બે ચાર દિવસમાં જોઈશું તો મોટાભાગના મંત્રીશ્રીઓ, નેતાઓ, આગેવાનો ક્યાંક ને ક્યાંક ફૂડ પેકેટ વહેંચતા, ક્યાંક પાણીમાં ઊભા રહેલા, ક્યાંક હોડીમાં બેસીને, ક્યાંક પુલ ઉપર ઊભા રહીને કે ક્યાંક રસ્તા ઉપર ઊભેલા...દેખાય એવા અનેક ફોટાઓ અખબારોમાં અને સોશિયલ મીડિયામાં ચારેબાજુ જોવા મળે છે. બે વર્ષ પહેલા ભારત સરકારે '' સ્વચ્છ ભારત અભિયાન '' શરું કર્યું ત્યારે પણ ઘરમાં કે ઓફિસમાં હાથમાંથી નીચે પડેલી ટાંકણી સુદ્ધા નહી ઉપાડતા નેતાશ્રી કે અફસરો મોટા મોટા ઝાડુંઓ પકડીને રસ્તા ઉપર ફોટા પડાવીને અખબારોના પાને અને સોશિયલ મીડિયા પર ખુબ ચમક્યા હતા. અવા અનેક ફોટા ને દંશ્યો મજાકને પાત્ર પણ બનેલા. એવી જ સ્થિતિ અત્યારે સર્જાઈ હોઈ એવું લાગે છે. હાલ ચારેતરફ મદદ અને સેવાની તસવીરોથી અખબારો ભરેલા છે. ફેસબૂક અને વોટ્સપ પર પણ આ પ્રકારના જ ફોટા અને વીડિયો આલોડ થઈ રહ્યા છે. લોકો સેવાનું કાર્ય અડધો કલાક કરે છે પણ પછી ઘેર આવી એના ફોટાઓ કલાકો સુધી બધાને મોકલતા રહે છે. અમદાવાદના એક બહેને તો સો ભાખરી ઘેર બનાવીને સુકી ભાજી સાથે થોડા પરિવારોને વહેંચી તેના સોથી વધારે તો ફોટા ફેસબૂક પર અપલોડ કરેલા. તો વળી કોઈ સોસાયટીના કોઈ મંડળે એકબીજાને મેસેજ કરીને પોતપોતાના ઘરમાંથી ગરમાગરમ નાસ્તો બનાવીને સૌ એકઠા થઈને ઝૂપડપટ્ટીમાં જઈને ગરીબોને જમવાનું કે ગરમાગરમ ભજીયા કે બટેટાપૌઆનો નાસ્તો આપે તે બેશક સારી અને ઉમદા વાત છે. પરંતુ – ફેસબૂક ઉપર જે જોવા મળે છે તે કંઈક આવું હોય છે. ચણાના લોટનો ડબ્બો, ગેસ ઉપર ઉકળતું તેલ, તળાતા ભજીયા, તાસમાં ગોઠવાયેલા ભજીયા, સંતાનો દ્વારા ડબ્બામાં મુકાતા ભજીયા, ડબ્બાનું ઢાંકણું બંધ કરતા પતિદેવ કે પત્નીજી, ડબ્બો માથે રાખી ઘરના દરવાજે ( નેઈમપ્લેટ આવે એ રીતે ) બહાર નીકળતા, રસ્તા ઉપર ચાલતા, પાણીના ખાબોચિયામાં ચાલતા, ગરીબોને લાઈનમાં ઊભા રાખી ભજીયા આપતા, ગરીબોના ટૂટી ગયેલા, વિખેરાઈ ગયેલા ઝૂપડા... આ બધાના ફોટાઓ અપલોડ થાય છે ત્યારે થાય છે કે આ સેવા છે કે બીજું કંઈ... ?

પ્રસિદ્ધિનો કે સૌન્દર્યનો મોહ હોય એ તો સ્વાભાવિક છે. પણ દુનિયાના કોઈ શાસ્ત્રમાં ''સેવાની પ્રસિદ્ધિના મોહ'' વિશે ક્યાંય જાણવા નથી મળ્યું. સેવા એ માનવનો આંતરિક ભાવ છે. આધ્યાત્મિક મનોબળ છે. એમાં મદદ લેનાર અને મદદ કરનાર બન્નેની સ્થિતિ – પરિસ્થિતિ જવાબદાર હોય છે. શાસ્ત્રોમાં તો લખ્યું છે કે સાચું દાન કે સેવા એને કહેવાય કે જમણા હાથે કરો તો ડાબા હાથને પણ ખબર ના પડવી જોઈએ. પણ આપણે તો સો ગ્રામ લોટથી કીડીયારું પુરીએ કે બિસ્કીટના બેચાર પેકેટ કુતરાઓને નાખીએ કે ૫૦૦ ગ્રામ ઝાર કબૂતરોને ચણવા નાખીએ કે શ્રાવણ મહીનામાં પા શેર દુધ કોઈ મહાદેવના મંદિરે ચડાવીએ .... તો એનાય ફોટાઓ પાડીને સોશિયલ મીડિયા ઉપર ઢંઢેરો પીટીએ છીએ. હું વ્યક્તિગત રીતે માનું છું કે આવી સેવામાં સેવાનો ભાવ નહિવત હોય છે. અને વિશેષ ભાવ સોશિયલ મીડિયાનો હોય છે. આપણે જેને મદદ કરીએ છીએ એના ચહેરા સામે કદી ધ્યાનથી જોયું છે ખરું ? એને જ્યારે આપણે મદદ કરીએ છીએ ત્યારે તે હર્ષથી લઈ તો લે છે. પણ એનો અંદરનો આત્મા કકળતો હોય છે, પીડાતો હોય છે. અને એમાંય જ્યારે એની નજર ફોટો પાડનાર ઉપર પડે છે ત્યારે તેની અંદરનો આત્મા ઊંડો આઘાત અનુભવે છે અને કદાચ ઈશ્વરને ગાળો પણ આપતો હશે કે હે ઈશ્વર, તેં અમને આવી સ્થિતિમાં કેમ મુક્યા ? અને એ ગરીબ આત્માની પીડાનો દોષ આપણને લાગે છે.

કોઈની પાસે બે ટંક ખાવાનું ના હોય અને એવી વ્યક્તિને ''જમવાનું આપવું '' એનાથી મોટું પુણ્ય શાસ્ત્રોમાં બીજું કોઈ નથી. કેમ કે ભૂખ અને ભીખ એ માનવીની સૌથી મોટી મજબૂરી અને હાડચીરી નાખે એવી સ્થિતિ છે. અને જ્યારે આપણે કોઈની ભૂખ મીટાવીએ છીએ ત્યારે એની સાથે આપણું હૃદય પણ શાતા પામતું હોય છે. પરંતુ આપણે જ્યારે કોઈને ભોજન આપતા હોઈએ ત્યારે એના ફોટા પાડીએ, લેનાર ગરીબ વ્યક્તિના ચહેરાના હાવભાવ કેમેરામાં કંડારીએ, તેની ગરીબાઈ છતી કરતી તૂટેલી ઝૂપડીના, ફાટેલા કપડાઓના ફોટા ખેંચીને એની ફાટી ગયેલી કિસમતને આપણે ફેસબૂક કે વૉટ્સપ પર અપલોડ કરતા હોઈએ છીએ. રાજકીય નેતાઓ કે મંત્રીશ્રીઓ તો સમજ્યા કે એમને તો પ્રજા પાસેથી મત લેવાના હોય છે. અધિકારીઓને ફોટા બતાવીને કામગીરી બતાવવાની અને ગ્રાન્ટો લેવાની હોય છે. તેથી તેઓ ફોટા પડાવીને અપલોડ કરીને ઉપર મોકલે. બાકી સ્વચ્છતા અભિયાન વખતે રસ્તા ઉપર ઝાડું લઈને ઊભેલા એકેય નેતા કે મંત્રીશ્રી બીજા દિવસથી આજસુધી ક્યારેય રસ્તા ઉપર કે સોસાયટીમાં કે પોતાના ઘરમાં કે ઓફિસમાં સફાઈ કરતા જોવા મળ્યા ખરા ? અત્યારે વરસાદમાં હોડીમાં કે રસ્તા ઉપર ઊભેલા નેતાઓ સામાન્ય સ્થિતિમાં બસમાં કે સ્કૂટરમાં કે સોસાયટીના નાકે કે રસ્તા ઉપર કે પગપાળા ચાલતા જોવા મળે છે ખરા ? પણ આપણી કરૂણતા એ છે કે આ રાજકીય રોગ હવે

અનુસંધાન પાના નં. ૭ પર

# ગુજરાતીઓનું ઈંગ્લીશ...ગુજલીશ... !!!

**રગળપાટ**
**અજય ઉપાધ્યાય**

'ક્યા ચાલી બની ઠનીને ?'.. 'અરે, મારી ફ્રેન્ડનું વેલ્ડીંગ છે આજે' 'અરે અંગ્રેજીની ઓરન્જેબ....વેલ્ડીંગ નહિ વેડિંગ... વેડિંગગગગગગગગ...' 'હા, એ બધું એક જ હવે...!' અંગેજીની હેમા-એષા કરતો આ સિમ્પલ સંવાદ જોક નહી પણ હકીકત છે. આ જ તો છે વીધ ગુજરાતીઝનો ઈંગ્લીશ પ્રેમ...!!! અંગ્રેજી ભલેને ગ્લોબલ લેન્ગવેજ હોય ને એમાં પણ ભલેને ઓક્સફોર્ડ-બોક્સ્ફોરડના શબ્દકોશો આવતા હોય તો શું હે ? આપણું ઈંગ્લીશ તો આપણું જ રહેવાનું...આપણી ઈસ્ટાઈલમાં, આપણી પોતાની ડીક્ષનેરી વાળું !!!! અંગ્રેજોને શું ખબર પડે કે ઈંગ્લીશ કોને કહેવાય હે ? અંગ્રેજો દેશ છોડીને ભાગી ગયા ને પાછળ જે કાઈ પણ ઈંગ્લીશ શિષ્ટાચાર મુકાતા ગયા એમાં જો સૌથી વધુ આપણે કશું સ્વીકારીને જીવનમાં ઉતાર્યું હોય તો એ છે આપણો ઈંગ્લીશમાં બોલવાનો પ્રેમ...લવ યુ નો !('જીદ 'એવું કોણ બોલ્યું હે...?!)

ગુજરાતી પ્રજા વિશ્વભરમાં ફેલાયેલી છે અને સાલી તકલીફ એ છે કે વિશ્વભરમાં વધુ બોલાતી ભાષા પણ ઈંગ્લીશ જ છે. તો ? અંગ્રેજી એ બીજાનો પ્રોબ્લેમ હશે બટ આપણા માટે તો નો પરોબ્લેમ...! આ તો ગરવા ગુજરાતી...પહાડ ચીરીને રસ્તો કાઢે એવા, એ કાઈ ઈંગ્લીશ જેવા નાના તણખલાથી થોડા બીવે ? (હા, એ જુદી વાત છે કે આપણા ઈંગ્લીશથી ભલભલા અંગ્રેજો પણ બીવે !) એનું સાવ સીમ્પલ એક રીઝન છે...યુ નો વોટ ? આપણા પુરખો એક વાત ફર્મ્લી કહી ગયા છે કે હામેવાળાને ત્ર્ય?જાવું ઈમ્પો છે નહિ કે ગ્રામેટીકલી પરફેક્ટ સ્પીકવું...! 'આગળ જશો એટલે ગોળ સર્કલ આવશે, ત્યાંથી લેફ્ટ મારી દેજો' - આમાં સામેવાળો બધું સમજી જતો હોય તો વ્હાય ગ્રામરની પાલક મારવાની ? આપણી પોતાની ઈંગ્લીશ અસ્મિતા છે, સભ્યતા છે યાર! જેને ગુજલીશ કહેવું હોય એ ભલેને કહે પણ આપણા માટે ઈટ ઈઝ પ્યોર ઈંગ્લીશ..આપણું પોતાનું ઈંગ્લીશ..! અને ખુબીલીટી એ છે કે જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં વસતા નોન-ગુજરાતીને પણ સાંગોપાંગ સમજમાં આવી જાય છે...!

આ ખુબીલીટી પરથી યાદ આવ્યું કે આપણે ભલેને સો મેની ઈંગ્લીશ પીકિંગ કોર્સના કલાસ એટેન્ડ કરીએ તો પણ વ્યંજનો અને વ્યાકરણો માટે આપણા પોતાના વડ્ઝ ડેવલોપ કરતા જ જઈએ છીએ. આપણા માટે તો શુડ અને વુડ બેય કુંભના ફેરમાં વિખુટા પડેલા બ્રો જ છે. વોઝ અને વેર ક્યાં કાળમાં જન્મ્યા હશે એ અંગ્રેજો જાણે ! વિ ગુઝરાતીઝ અમથાય ભૂત-બુતમાં નાં માનીએ તો કાળમાં શું દાટ્યું છે હે ? બધું વર્તમાનકાળમાં જ ચલાવવાનું. હાવ આર યુ કે હાઉ આર યુ ? બધું એક જ ભાયલા..! આપણા માટે તો હેન્ડસમ ને બ્યુટીફૂલ બેય એક જ પેઈજ પર પાસેપાસે વસતા વડ્ઝ માત્ર જ છે.... નો ડીફ્ફરંશ...નોટ એટ ઓલ્લ ! અંગ્રેજો તો શું છે કે પર્સનાલીટી જેવી એક-બે શોધખોળો કરીને જ હાંફી ગયેલા પણ આપણે વગર થાકયે ઈસસે આગે જહાં ઔર ભી હે ગાતા ગાતા બીન્દાસ્તાથી ઈંગ્લીશની મોમના મેરેજ કરાવવામાં માસ્ટર થઈ ગયા. એ હાઈઈઈલા...આ તા પરથી યાદ આયુ પાછું... સી દીસ... નર્વસતા, રીલેક્ષ્તા, સીરીયસતા ઈટીસી ઈટીસી. આપણે ગુજરાતીમાં જ હળવેકથી ગમે એને ક્યુરીઓસ્તાથી પૂછી લઈએ, આપણે એવી પ્રાઉડતા બિલકુલ નહિ. અને સામેવાળું હેપ્પીન્સતાથી રીપ્લાઈ બી આલે બોલો...? (એને ખબર જ હોય કે લાંબી ખેંચીસ તો આ મારા ઈંગ્લીશની લાલુ-રબડી કરી નાખશે!)

અસલમાં પાક્કા ગુજરાતી એ જ છે જે અમદાવાદ, આણંદ કે ઇડરની વાત છોડો પણ કેનેડા, અમેરિકા કે ઘ્યુરોપમાં પણ બિંદાસ ઈંગ્લીશમાં ફાડી જાણે... લીટરલી! અને ફાડવાનું પણ કેવું કે એમાં આપણા અસલ ઓરીજીન તો એમ ને એમ જ રહે. નો હમજ્યા? સી, કાઠીયાવાડી ઈંગ્લીશ બી કાઠીયાવાડીમાં જ બોલશે કે મેહાણી મેહાણી એસન્ટમાં જ અને અમદાવાદીનુ 'બકા ' ઈંગ્લીશ ! અંગ્રેજ સ્ટીલ ડોન્ટ'નો વોટ ઈઝ બકા અને વેર ઈઝ હી ? ને મણીનગર કે ચરોતર કે મોરબીની ધુળો ફાંકી ફાંકીને ફોરીન જઈને સેટ થયેલું કોઈ ઈન્ડિયા આવીને ઈંગ્લીશમાં સ્પીકે ત્યારે આપણને પણ અંગ્રેજી જાણીએ છીએ એવું સાબિત કરવાનું શુરાતન જે ચડે જે ચડે ને કે ભાઈસાબ વાત પૂછો માં..! 'આ વખતે જ અમારે'ય વિન્ટર થોડું હોટ છે, બાકી તો આ ટાઈમે તો એટ્મો ઓલમોસ્સ કુલ્લ જ હોય '' આગંતુક ભલેને અહી જ ઉછરીને મોટું થયું હોય પણ હન્ડ્રેડ પર્સન્ટ નવા સાત-આઠ ગુજલીશ શબ્દો ને આવા ભેલપૂરી વાક્યો શીખીને જ જાય..!

અસલમાં આપણો ઈંગ્લીશમાં બોલવાનો પ્રેમ હવે બેઈન્તેહા થઈ ચુક્યો છે. ભલેને વિન્ટર હોટ જેવું નાનું હોય કે પછી રેસ્ટોરન્ટમાં '